મહત્તમ : ૪૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૩૦ ટકા

ગાંધીનગર તાપમાન

હજુ, શહેરના વાહનચાલકોને ટ્રાફિક સિગ્નલ પર ઉભા રહેવાની સેન્સ નથી..!!

પાંચ મહિનામાં સિગ્નલ બંધ હોવા છતા ૫૮૦૦ ચાલકોએ સ્ટોપ લાઈન ક્રોસ કરી : ૧૦ હજારથી વધુ ચાલકો રોંગસાઈડમાં ફરતા કેમેરામાં કેદ થયા : પોલીસે સીસીટીવી સર્વેલન્સથી ૨૩ હજારથી વધુ ચાલકોને ઈ મેમો મોકલી રૂ. ૩૪.૪૨ લાખ દંડ ફટકાર્યો

ગાંધીનગર, તા.૧૬

પાટનગરના તમામ મોટાભાગના સર્કલો તથા એન્ટ્રી-એકઝીટ પોઈન્ટ પર સીસીટીવી કેમેરા લાગી ગયા છે. હાઈટેક સર્વેલન્સ રૂમ તૈયાર કરી ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરતા વાહન ચાલકો સામે દંડનીય કાર્યવાહી કરવા પોલીસ દ્વારા ઈ મેમો ફટકારવામાં આવી રહ્યા છે. શહેરમાં ટ્રાફિક સિગ્નલ તો લાગી ગયા પરંતુ હજુ સુધી સિગ્નલ બંધ હોય ત્યારે ઉભા રહેવું તે સેન્સ કેળવાઈ નથી. છેલ્લા પાંચ માસમાં ગાંધીનગર પોલીસે ૨૩ હજારથી વધુ વાહનચાલકોને અલગ અલગ ટ્રાફિક નિયમના ઉલ્લંઘન માટે ઈ મેમો ફટકાર્યા છે. જેમાં સૌથી વધુ ઈ-મેમો રોંગ સાઈડ પર વાહન ચલાવવાના, ટ્રાફિક સિગ્નલ બંધ હોવા છતા સ્ટોપ લાઈન ક્રોસ કરીને નીકળી જવાના અને નો પાર્કીંગમાં વાહન પાર્ક કરીને ચાલ્યા જવાના ગુનાઓનો સમાવેશ થાય છે.

ગાંધીનગર શહેર વિસ્તારમાં ૪૦૦ થી વધુ સીસીટીવી કેમેરા હાલ લાગી ચુકયા છે અને હજુ બીજા સીસીટીવી કેમેરા લગાડવાની કામગીરી ચાલી રહી છે. આ તમામ કેમેરાનું મોનીટરીંગ સેન્ટર જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરી ખાતે અલાયદુ તૈયાર કરવામાં આવ્યું છે. સીસીટીવી કેમેરા મારફતે શહેરનું પળેપળનું મોનીટરીંગ માટે અલગથી ટેકનોક્રેટ ટીમો આ સેન્ટર પર મુકવામાં આવી છે.જેના દ્વારા સમગ્ર શહેરનું સર્વેલન્સ હાથ ધરાઈ રહ્યું છે. ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરતા વાહનચાલકોને ઈ-મેમો મોકલવાની કામગીરી પણ સઘન બનાવવામાં આવી છે ત્યારે વર્ષ ૨૦૧૯ દરમિયાન અત્યાર સુધી પાંચ મહિનામાં ૨૩,૩૦૬ વાહનચાલકોને ઈ-મેમો મોકલી તેમને રૂ.૩૪,૪૨,૮૦૦ નો દંડ ફટકારવામાં આવ્યો હોવાનું જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડા દ્વારા જાણવા મળ્યું છે. મળતી વિગત મુજબ શહેરના સૌથી વધુ ઈ-મેમો રોંગ સાઈડ પર વાહન ચલાવનારને ફટકારવામાં આવ્યા છે. ૧૦,૪૧૮ વાહનચાલકો રોંગ સાઈડ પર વાહન ચલાવતા કેમેરામાં કેદ થયા છે. જેમને રૂ. ૧૫,૨૧,૮૦૦ નો દંડ ફટકારવામાં આવ્યો છે. તે ઉપરાંત ૫૮૦૪ વાહન ચાલકો સિગ્નલ બંધ હોવા છતા સ્ટોપ લાઈન ક્રોસ કરીને નીકળી ગયા હોવાના ગુનામાં કેમેરામાં કેદ થતા તેમને રૂ. ૬,૪૩,૦૦૦ નો દંડ કરાયો છે. જયારે નો પાર્કીંગમાં વાહન પાર્ક કરનાર ૪૧૧૫ વાહન ચાલકોને ઈ-મેમો મારફતે રૂ.૪,૬૫,૯૦૦ નો દંડ કરવામાં આવ્યો છે. એટલુ જ નહી ચાલુ વાહને મોબાઈલ પર વાત કરતા ૩૯૨ વાહનચાલકોને કેમેરામાં ઝડપી લઈ પોલીસે રૂ.૪,૧૧,૧૦૦ દંડ કર્યો છે. જયારે ટુ-વ્હીલરમાં ત્રણ સવારી જતા ૧૫૩૯, ક્ષમતા કરતા વધુ પેસેન્જર ભરીને જતા ૧૪૦ શટલીયા , ૮૮૧ રીક્ષા અને ફેન્સી નંબર લગાવીને ફરતા ૧૭ વાહનચાલકોને પણ ઈ-મેમો મોકલી કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. એટલે કે ચાલુ વર્ષમાં પાંચ મહિનામાં ૨૩,૩૦૬ વાહન ચાલકોને ઈ-મેમો મોકલી ગાંધીનગર પોલીસે રૂ. ૩૪,૪૨,૮૦૦ નો દંડ ફટકાર્યો છે.

હેલ્મેટ વગર ફરતા ચાલકોને રાહત અપાઈ

ગાંધીનગર શહેરનું રોડ નેટવર્કીંગ જોતા કોઈપણ વ્યકિત એ વાતને સ્વીકારી લે કે આ શહેરમાં હેલ્મેટ અને સીટબેલ્ટ વગર ફરતા વાહનચાલકોની સામે સપ્નાઈ ન કરો તો પણ ચાલે એમ છે. ગાંધીનગર પોલીસે પણ આ વાત મનોમન સ્વીકારી શહેરમાં હેલ્મેટ-સીટબેલ્ટ વગર ફરતા વાહન ચાલકોને આ વર્ષે ઈ-મેમોમાં રાહત આપી છે. શહેર માટે ખરેખર જરુર છે તેવા ટ્રાફિક નિયમોના ઉલ્લંઘન કરતા ગુનાઓને આચરતા વાહન ચાલકોને ઈ-મેમો મોકલવામાં આ વર્ષે પોલીસે અગ્રીમતા આપી હોય તેમ લાગી રહ્યું છે. છેલ્લા પાંચ માસમાં એક પણ ઈ-મેમો હેલ્મેટ ન પહેરનાર કે સીટબેલ્ટ ન બાંધનાર વાહન ચાલકને આપવામાં આવ્યો નથી. જીવલેણ અકસ્માત પાછળ સૌથી વધુ જવાબદાર કારણો હોય તો તે રોંગ સાઈડ પર વાહન ચલાવવું, ચાલુ વાહને મોબાઈલ પર વાત કરવી, શટલ વાહનોમાં ખીચો ખીચ પેસેન્જર ભરવા, ત્રિપલ સવારી ટુ-વ્હીલર ચલાવવા તથા ઓવર સ્પીડમાં વાહન ચલાવવા સહિતના કારણો જવાબદાર છે. પોલીસે પણ આવા જ ગુનાઓને વધુ અગ્રીમતા આપી છે. પાંચ મહિનામાં રોંગ સાઈડના ૧૦,૪૧૮, ત્રિપલ સવારીના ૧૫૩૯, ખીચોખીચ પેસેન્જર ભરતા ૧ હજાર શટલીયા અને ચાલુ વાહને મોબાઈલ પર વાત કરતા ૩૯૨ ચાલકોને ઈ-મેમો મોકલવામાં આવ્યા છે. તે ઉપરાંત ટ્રાફિક સિગ્નલો બાબતે પણ ચાલકો ગંભીર બને તે માટે સ્ટોપ લાઈનના ગુનાઓ પર ફોકસ કરીને આ પાંચ મહિનામાં ૫૮૦૪ ચાલકોને મેમો ફટકાર્યા છે.

વર્ષ ૨૦૧૮ માં ૧૧,૮૦૭ ચાલકોને ઈ-મેમો અપાયા

ગાંધીનગર શહેરમાં ગત વર્ષ ૨૦૧૮માં રોંગ સાઈડમાં, ચાલુ વાહને મોબાઈલ પર વાત કરતા , ત્રણ સવારી તેમજ રીક્ષામાં વધુ મુસાફરો બેસાડવા, ઈકો-વાનમાં ક્ષમતા કરતા વધુ પેસેન્જર બેસાડવા, સ્ટોપ લાઈન ક્રોસ કરવી, નો પાર્કીંગ, ફેન્સી નંબર પ્લેટ, સીટ બેલ્ટ અને હેલ્મેટ ન પહેરનાર સહિતના વાહન ચાલકોને કુલ ૧૧,૮૦૭ ઈ-મેમો મોકલી આપી રૂ. ૨૧,૯૧,૫૦૦ નો દંડ ફટકારવામાં આવ્યો છે.

એસબીઆઈ મુખ્ય શાખામાં બે જ કાઉન્ટર ખોલાતા હોબાળો

સ્ટાફ ઓછો હોવાથી ગ્રાહકોને બે બે કલાક સુધી ધોખવું પડતા અકળાયા : ચેક પાસ કરવા પણ અધિકારી ના હોવાથી ગ્રાહકો વધુ ઉશ્કેરાયા

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરમાં આજે લગ્નગાળાની અસર જુના સચિવાલય પાસેની એસબીઆઈ બેંકની શાખામાં વધુ જોવા મળી હતી કેમ કે આજે બેંકમાં સ્ટાફ ઓછો હોવાને કારણે ગ્રાહકોની બે બે કલાક સુધી લાઈનો લાગી હતી જેને કારણે અકળાયેલા ગ્રાહકોએ ભારે હોબાળો મચાવ્યો હતો. જો કે આ હોબાળો થવા છતાં ગ્રાહકોની રાવ સાંભળવા બેંકમાં અધિકારીઓ શોધ્યા ના જડે તેવી સ્થિતિ સર્જાઈ હતી. જો કે કયા કારણથી સ્ટાફ ઓછો હતો તે જાણવા મળ્યું નથી.

આજે સવારે બેંક શરૂ થતા જ સ્ટાફના અભાવે માત્ર બે કાઉન્ટર જ ખોલવામાં આવ્યા હતા. જુના સચિવાલય તથા નવા સચિવાલય સહિતની અનેક સરકારી કચેરીઓ આસપાસમાં હોવાને કારણે આ બેંકમાં દરરોજ ગ્રાહકો મોટી સંખ્યામાં જોવા મળે છે. આ પરિસ્થિતિમાં બેંકમા માત્ર ૨ જ કાઉન્ટર શરુ કરાતા લાંબી લચક લાઈનો લાગી જવા પામી હતી જેના કારણે ગ્રાહકોને બે બે કલાક સુધી વેઈટીંગમાં રહેવું પડે તેવી પરિસ્થિતિ સર્જાઈ હતી. વળી, આજે બેંકમાં ચેક પાસ કરતાં પાંચ પૈકી એક પણ અધિકારી ના હોવાથી ગ્રાહકોને વધુ ધોખવાનો વારો આવ્યો હતો જેને કારણે ગ્રાહકો વધુ ઉશ્કેરાયા હતા. મોટા ભાગના ગ્રાહકોએ તેઓ ચાલુ નોકરીએ આવ્યા હોવાનું અથવા બીજા અગત્યના કામે જવાનું હોવાનું કારણ દર્શાવી બેંક કર્મચારીઓ પર વૈકલ્પિક સ્ટાફની વ્યવસ્થા કેમ ના કરી તેવા સવાલોનો મારો ચલાવ્યો હતો. ભારે હોબાળા વચ્ચે બેંકના અધિકારીઓએ સ્ટાફને ઝડપથી કામ પતાવવા સૂચના આપી ગ્રાહકોને સહકાર આપવા વિનંતી કરી માંડ માડ મામલો થાળે પાડયો હોવાનું જાણવા મળ્યું હતું.

ચાલુ ઓફિસે કે રીશેષ ટાઈમમાં સરકારી કર્મચારીઓ બેંકનું કામ પતાવવા આવે છે

જુના સચિવાલયની બાજુમાં આવેલી એસબીઆઈની ગાંધીનગરની મુખ્ય શાખા ગણાય છે. જેમાં તમામ સરકારી કર્મચારીઓના સેલેરી એકાઉન્ટ છે. ઘણા કર્મચારીઓ બેંક નજીકમાં હોવાથી નાના-મોટા કામ માટે ચાલુ નોકરીએ અંદાજિત સમયની મંજુરી લઈ આવતા હોય છે અથવા રીશેષના સમયે આવતા હોય છે. આથી તેમના મર્યાદિત સમય કરતા કામમાં વધુ સમય લાગી જાય તો તેમને ઓફિસમાં ડપકો સાંભળવો પડે તેથી આજે ખૂબ વધુ સમય વેડફાતા તેઓ અકળાઈ ઉઠયા હતા.

કૌશલ્ય વર્ધક કેન્દ્ર દ્વારા પ્રાથમિક શાળાની બાલિકાઓને ચાર દિવસ આબુ લઈ જવાશે

કૌશલ્ય વર્ધક કેન્દ્ર ગાંધીનગર દ્વારા બોરીજ પ્રાથમિક શાળાની બાલિકાઓને ચાર દિવસીય ઓમ શાંતિના સમર કેમ્પમાં આબુ લઈ જવામાં આવશે. સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ બાળાઓની આંતરિક શકિત ખીલે અને તેઓ અલગ વાતાવરણનો અનુભવ કરે તે છે. આ કાર્યમાં કૌશલ્ય વર્ધક કેન્દ્રના સભ્યો હર્ષાબા ઘાંઘર, વૈશાલી જોષી, ગીતાબેન ખુમાર, હર્ષાબેન પટેલ, જયશ્રીબેન ખેતીયા તથા શાળાના આચાર્ય કાશ્મીરાબેન વ્યાસ સહભાગી બનશે. આ કાર્ય અંતર્ગત શાળામાં વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાની બાળાઓ દ્વારા વિવિધ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.

જલારામ મહિલા મંડળ સે-૨૯ દ્વારા શ્રમજીવી વર્ગની કુમારી દિવ્યાને લગ્ન પ્રસંગે કરિયાવર આપવામાં આવ્યું હતું. સંસ્થાની સર્વે બહેનોએ ઉપસ્થિત રહી સાથ સહકાર પૂરો પાડયો હતો.

જમીયતપુર ગામ પાસેથી બે યુવકોના મોબાઈલની લુંટ

ગાંધીનગર, તા.૧૬

અડાલજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં જમીયતપુર ગામની સીમ પાસે રોડ પર બે યુવકોના મોબાઈલ લુંટની ઘટના પ્રકાશમાં આવી છે. બોપલ એસઓજી પોલીસના જવાન હોવાનું કહી બાઈકના ડોક્યુમેન્ટ માંગનારા બે બાઈક સવારોએ બંને યુવકોના મોબાઈલ લુંટી ચપ્પુ બતાવીને ભાગી ગયા હતા. બનાવ અંગે યુવકોએ અડાલજ પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

અડાલજ પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગરના અંબાપુર ગરબા ચોકમાં રહેતો યુવક પરેશ ગૌતમજી ઠાકોર (૨૫ વર્ષ) પોતાના મામાની દિકરા રણજીત નાગજીજી ઠાકોર સાથે બાઈક પર જમીયતપુરા ગામની સીમમાં આવેલ જોગણી માતાના મંદિરે બાધા પુરી કરવા આવ્યો હતો. બાધા પુરી કરી મંદિર પાસે બેઠેલા બંને યુવકો પાસે દોઢ વાગ્યાના સુમારે બાઈક પર બે શખ્સો આવ્યા હતા. બોપલ એસઓજીના કર્મચારીઓ હોવાનું કહી તેમણે બંન્ને યુવકો પાસે બાઈકના કાગળો માંગ્યા હતા. પરંતુ યુવકો પાસે રાત્રા બાઈકના કાગળ ન હતા. ત્યારબાદ પાકીટ બતાવવાનું કહ્યું હતું, જો કે પાકીટમાં રૂ.૧૦૦ રૂપીયા જ હોવાથી તેમણે પાકીટ પરત આપ્યું હતું. ત્યારબાદ બંને યુવકોના મોબાઈલ માંગ્યા હતા, યુવકોએ મોબાઈલ આપવાની ના પાડતા બંને શખ્સોએ યુવકો પાસેથી મોબાઈલ ઝુંટવી લીધો હતો. મોબાઈલ માટે બંન્ને વચ્ચે રકઝક અને ઝપાઝપી થવા પામી હતી. જેમાં એક શખ્સે છરો કાઢીને બતાવતા યુવકો ગભરાઈ ગયા હતા. મોબાઈલની લુંટ ચલાવીને શખ્સો જી.જે.૦૨. બી.ક્યું.૭૩૨૭ નંબરના બાઈક પર ભગી ગયા હતા. તે સમયે બંને શખ્સોમાંથી એકનો મોબાઈલ પડી ગયો હતો.જેથી બંને યુવકોએ બાઈક નંબર અને પડી ગયેલો મોબાઈલ પોલીસ સામે રજુ કર્યા હતા. રૂ. ૧૦ હજાર અને રૂ.૨૪ હજારના કિંમતના બે મોબાઈલ લુંટ અંગે ફરીયાદ નોંધાવી છે. અડાલજ પોલીસે યુવકની ફરીયાદ નોંધી પોલીસની ઓળખ આપી લુંટ કરનાર શખ્સોની શોધખોળ હાથ ધરી છે.

મોટી આદરજ ગામના વડીલનું સારવાર દરમિયાન મૃત્યુ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરને અડીને આવેલા મોટી આદરજ ગામે રહેતા વૃધ્ધ રવિવારના રોજ માર્ગ ઓળંગતા સમયે ટીવીએસ જયુપીટરની ટક્કર વાગતા માર્ગ પર પટકાયા હતા. માર્ગ પર પટકાતા વૃધ્ધને શરીરે નાની મોટી ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત વૃધ્ધને તાત્કાલીક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જયા સારવાર દરમિયાન ગુરુવારના રોજ સવારે તેમનું દુખદ અવસાન થયું હતું. બનાવને પગલે મૃતકના દિકરાએ પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગત તા. ૧૨ મે ને રવિવારના રોજ મોટી આદરજ ગામના વડીલ ગમાજી નાથાજી ઠાકોર (અંદાજીત ઉ.વ.-૭૦) ગામની ભાગોળે માર્ગ ક્રોસ કરતા હતા તે સમયે માર્ગ પર અચાનક ધસી આવેલા ટીવીએસ જયુપીટરની અડફેટે વડીલ આવી જતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ગમાજી માર્ગ પર પટકાતા શરીરે નાની મોટી ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જાતા જ ગામના નાગરીકો એકઠા થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત વૃધ્ધને તાત્કાલીક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જયા સારવાર દરમિયાન આજે ગુરુવારના રોજ સવારે વડીલ ગમાજીનું મૃત્યું નિપજયું હતું. બનાવ અંગે મૃતકના દિકરાની ફરીયાદને પગલે પેથાપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સે-૧૪ જય અંબે મંદિરનો બારમો પાટોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૧૬

જય અંબે મંદિર સે-૧૪ દ્વારા મંદિરમાં બારમા પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત સવારે ૮ વાગ્યે ધજા આરોહણ, ૮.૧૫ કલાકે મહાયજ્ઞ પ્રારંભ થશે અને બપોરે ૧૨ કલાકે શ્રીફળ હોમાશે અને ત્યારબાદ આરતી યજ્ઞની પૂર્ણાહુતિ કરાશે. આ ઉપરાંત રાત્રે ૮.૩૦ કલાકે માતાજીના ભજન તથા આનંદનો ગરબો યોજાશે.

કુડાસણમાં નિઃશુલ્ક એકયુપ્રેશર સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૧૬

વાઘેશ્વરી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કુડાસણ ખાતે તા. ૧૮મેના રોજ વિના મૂલ્યે એકયુપ્રેશર સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૧૦ થી ૧૨.૩૦ તથા સાંજે ૪ થી ૭ કલાક દરમિયાન હરિગોલ્ડ એપાર્ટમેન્ટ દુકાન નં. ૧૨૧ ખાતે યોજાનાર કેમ્પમાં મણકા, કમરદર્દ, સાંધા, ગરદન, હાથપગનો દુઃખાવો, વા, નસ, ગેસ તેમજ માનસિક બિમારી સહિત અન્ય રોગો માટે સુજોક થેરાપી, એકયુપંચર, મેગ્નોથેરાપી અને એકયુપ્રેશર થેરાપીનો ઉપયોગ કરીને નિદાન કરી આપવામાં આવશે. સંસ્થા દ્વારા નગરજનોને કેમ્પનો લાભ લેવા જણાવાયું છે.

ભોજલરામ બાપાની ૨૩૪મી જન્મજયંતીની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૧૬

ભોજલરામ બાપાની ૨૩૪મી જન્મજયંતિ નિમિત્તે તા. ૧૮મેના રોજ સે-૭ સ્થિત સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ ખાતે વિવિધ કાર્યક્રમ તથા શોભાયાત્રા યોજાશે. શોભાયાત્રા સવારે ૮ થી ૧૧ વાગ્યા દરમિયાન અને ગાયત્રી યજ્ઞ સવારે ૯ થી ૧૧ દરમિયાન યોજાનાર છે.

ભોજલરામ બાપાની ૨૩૪મી જન્મ જયંતિ નિમિત્તે યોજાનાર શોભાયાત્રા સવારે ૮.૧૫ કલાકે ગુજરાત રાજય સમાજ ભવનના પૂર્વ મંત્રી ધીરૂભાઈ દૂધવાળાની ઉપસ્થિતિમાં ભોજલરામ મંદિર ખાતેથી પ્રસ્થાપિત થશે. ૮.૨૫ વાગ્યે સે-૨ સ્થિત સ્વામિનારાયણ મંદિર, ૮.૪૦ કલાકે ચ-રોડ થી સે-૧ સ્થિત ગાયત્રી મંદિર, ૮.૫૦ કલાકે સે-૨૨ સ્થિત પંચદેવ મંદિર, ૯ વાગ્યે સે-૨૯ સ્થિત જલારામ મંદિર પહોંચશે ત્યાં જલારામ બાપાનું પૂજન, આરતી અને જલપાન કરાશે. ત્યારબાદ સે-૨૮ સ્થિત દત્ત મંદિર અને બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલય ખાતે ૯.૩૦ કલાકે પહોંચશે. ૯.૪૫ વાગ્યે સે-૨૩ સ્વામિનારાયણ મંદિર, ૯.૫૫ કલાકે સે-૧૬ સ્થિત સોમનાથ મંદિર-બ્રહ્મભવન, ૧૦ વાગ્યે યાત્રા સે-૧૨ સ્થિત સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજ પહોંચશે. ત્યારબાદ ૧૦.૧૫ કલાકે સે-૧૨ના ઉમિયા માતાજી મંદિર અને ત્યારબાદ સે-૬ સ્થિત ભુવનેશ્વર મહાદેવ યાત્રા પહોંચશે અને અંતે યાત્રા ૧૦.૩૦ વાગ્યાની આસપાસ ભોજલરામ મંદિરે પરત ફરશે ત્યાં ગુજરાત રાજયના પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ દ્વારા યાત્રાનું સ્વાગત કરવામાં આવશે અને ત્યારબાદ પૂજન આરતી કરવામાં આવશે. સૌરાષ્ટ્ર લેઉવા પટેલ મિત્ર મંડળના પ્રમુખ રમેશભાઈ દેસાઈ તથા સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજના પ્રમુખ કિશોરભાઈ શેલડીયા દ્વારા યાત્રામાં જોડાવા અને કાર્યક્રમનો લાભ લેવા જણાવાયું છે.

સે-૨૪માં શિવમ ટ્રસ્ટનો ૨૦મો પાટોત્સવ યોજાયો

ગાંધીનગરના સેકટર-૨૪માં શિવમ એપાર્ટમેન્ટ ખાતેના અંબાજી ચોકમાં શિવમ ધાર્મિક સેવા ટ્રસ્ટનો ૨૦મો પાટોત્સવ યોજાયો હતો. તા. ૧૪ અને ૧૫ મે દરમિયાન યોજાયેલા પાટોત્સવમાં શોભાયાત્રા, નવચંડી યજ્ઞ, શ્રીફળ હોમ ઉપરાંત રાસ ગરબા જેવા પ્રસંગો ઉજવાયા હતા. આ સાથે પાટોત્સવમાં જોડાનાર તમામ ભાવિક ભકતોને ભોજન પ્રસાદનો લાભ અપાયો હતો. પાટોત્સવમાં શહેરના ડેપ્યુટી મેયર સહિત અનેક સ્થાનિક અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

સ્પે. ચાઈલ્ડ હોમના બાળકો સાથે બર્થ ડે પાર્ટી ઉજવતા શહેરના યુવાનો

ગાંધીનગર, તા.૧૬

'જન્મ દિવસ એટલે વિતેલા વર્ષનો અનુભવ અને આવનારા વર્ષનું પ્રથમ પગથિયું'. આજના ફાસ્ટ ટ્રેક યુગમાં યુવાનો તેમનો જન્મદિવસ હોટલમાં પાર્ટી આપીને કે તે પ્રકારની નાણાંનો વ્યય કરતી રીતોથી ઉજવતા જોવા મળે છે. પરંતુ ગાંધીનગરમાં એવા ઘણા યુવાનો છે જે પોતાનો જન્મદિવસ સમાજને ઉપયોગી થવાય તે રીતે અથવા કોઈક જરૂરિયાતમંદના ચહેરા પર સ્મિત રેલાવીને કરે છે. ગાંધીનગરના મિલન પટેલ નામના એક યુવાને પોતાનો જન્મદિવસ સેકટર-૧૯ ખાતેના સ્પેશિયલ ચાઈલ્ડ હોમ ખાતે બાળકો સાથે ઉજવ્યો હતો.

આ ઉજવણીમાં બાળકો સાથે કેક કટીંગ કરવામાં આવ્યું હતું તેમજ તેમને વિવિધ મનોરંજક રમતો રમાડી આનંદ કરાવ્યો હતો. વળી, બાળકો સાથે મિલન પટેલ તથા તેમના મિત્રો દ્વારા ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાથે તેમણે તમામ નાગરિકોને પોતાનો જન્મદિવસ આ રીતે કોઈ સકારાત્મક કાર્ય થકી ઉજવવા સંદેશ પાઠવ્યો હતો. આ ઉજવણીમાં તન્મય પટેલ, રાહુલ સુખડીયા, ધર્મેન્દ્રસિંહ જાડેજા, ટીનાભાઈ ચૌધરી, ધુમીલ સુખડીયા, શુભમ સુખડીયા, પૃથ્વી પંડયા સહિત મિત્રો જોડાયા હતા.

ચિરવિદાય

- સ્વ. પ્રતિમાબેન મનુભાઈ બારોટ, ઉ.વ. ૭૨
- સ્વ. ધ્રુવીબેન રાજુભાઈ પટેલ, ઉ.વ. ૧૫